# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-07-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

# WEATHER FORECAST

હવામાન વિભાગે આજે સાબરકાંઠા , અરવલ્લી અને મહીસાગર જિલ્લામાં છૂટાછવાયા સ્થળ પર અતિભારે વરસાદની આગાહી છે. દરમિયાન આજે બપોરે 12 વાગ્યા સુધીમાં ઓગણસાઈઠ તાલુકામાં વરસાદ ખાબક્યો છે. સૌથી વધુ સવા બે ઈંચ જેટલો વરસાદ સાબરકાંઠાના ખેડબ્રહ્મા તાલુકામાં નોંધાયો છે. આ સાથે જ રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 50 ટકા જેટલો વરસાદ વરસ્યો છે.

બીજી તરફ, રાજ્યમાં હાલમાં 41 બંધ હાઈ અલર્ટ , 22 બંધ અલર્ટ અને 17 બંધ ચેતવણી પર છે. જ્યારે સરદાર સરોવર બંધની કુલ સંગ્રહ ક્ષમતા 51 ટકા સુધી પહોંચી છે. તો હવામાન વિભાગે માછીમારોને 17 જુલાઈ સુધી દરિયો ન ખેડવા સૂચના આપી છે.

. . . . . . . . . .

# SHETRUNJI DAM OVERFLOW

ભાવનગર જિલ્લાનો શેત્રુંજી બંધ આ મોસમમાં ત્રીજી વખત 100 ટકા ભરાતાં પાલીતાણા તથા તળાજા તાલુકાના અસરગ્રસ્ત ગામડાઓને ચેતવણી અપાઈ. આ બંધ અગાઉ 17 જૂન અને 6 જુલાઈએ પણ 100 ટકા ભરાયો હતો. જિલ્લામાં વરસાદને લઈ શેત્રુજી બંધમાં પાણીની આવક શરૂ થઇ હતી.

દરમિયાન પાલીતાણા તાલુકાના અસરગ્રસ્ત ગામો નાની રાજસ્થળી , લાપાળીયા, લાખાવાડ, માયધાર અને મેઢા તેમજ તળાજા તાલુકાના ભેગાળી , દાત્રડ, પિંગળી, ટીમાણા, સેવાળીયા, રોયલ, માખણીયા, તળાજા, ગોરખી, લીલીવાવ, તરસરા અને સરતાનપરમાં ચેતવણી જાહેર કરવામાં આવી.

. . . . . . .

# RAIN DISTRICT

રાજ્યમાં વરસાદના કારણે અનેક નદી , તળાવ બંધમાં નવા નીર આવ્યા છે. ત્યારે મહેસાણામાં આવેલા ધરોઈ બંધની સંગ્રહ ક્ષમતા આજે સવારે આઠ વાગ્યા સુધીમાં 70 ટકા સુધી પહોંચી છે.

તાપીમાં આજે વ્યારા શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં વરસાદી માહોલ છવાયો વ્યારાના બોરખડી ગામ સહિતના વિસ્તારમાં ત્રણ દિવસના વિરામ બાદ ફરી વરસાદ શરૂ થતાં લોકો અને ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

તે રાજકોટ જિલ્લાના આજી-એક બંધના ઉપરવાસમાં ભારે વરસાદના કારણે બંધ 70 ટકા ભરાયો છે. બંધ પૂર્ણ ભરાતા તેની સપાટી જાળવવા ગમે ત્યારે પાણી છોડવામાં આવશે. તેને લઈ રાજકોટ તાલુકાના બેડી, થોરાળા, રાજકોટ, મનહરપુર, રોણકી ગામના લોકોને નદીના પટમાં અવરજવર ન કરવા અને સાવચેત રહેવા રાજકોટના ક્વૉલિટી કન્ટ્રોલ સબ ડિવિઝન નંબર એકના નાયબ કાર્યકારી ઈજનેરની યાદીમાં જણાવાયું છે.

બીજી તરફ, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ દ્વારા વરસાદથી ક્ષતિગ્રસ્ત થયેલા રાજકોટથી ચોટિલા સુધીના રસ્તામાં પડેલા ખાડાઓનું સમારકામ કરાયું.

. . . . . . . .

# BOTAD ACCIDENT

બોટાદ જિલ્લામાં કૉઝ-વેમાં પાણીના પ્રવાહમાં કાર તણાતા બે લોકોના મોત થયા છે. અમારા પ્રતિનિધિ પ્રકાશ ભિમાણી જણાવે છે , રાણપુર તાલુકાના ગોધવટા ગામ પાસે આવેલા કૉઝ-વેમાં આ કાર તણાઈ ગઈ હતી. કારમાં સ્વામિનારાયણ મંદિરના સંતો અને હરિભક્તો સહિત સાત લોકો સવાર હતા.

દરમિયાન ચાર લોકોનો આબાદ બચાવ થયો છે. જ્યારે ગુમ થયેલી એક વ્યક્તિની શોધખોળ ચાલુ છે. રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ- NDRFની ટુકડી હાલ ઘટનાસ્થળે પહોંચી હોવાનું પ્રાંત અધિકારી સંજય ચૌધરીએ જણાવ્યું.

(બાઈટઃ સંજય ચૌધરી, પ્રાન્ત અધિકારી)

. . . . . . . . . . . . .

# MAHISAGAR ACCIDENT

મહીસાગરમાં ત્રિપલ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ કૌશિક જોષી જણાવે છે, લુણાવાડા-મોડાસા ધોરીમાર્ગ પર પાનમ નદી પાસે બે કાર અને એક બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો , જેમાં એક વ્યક્તિનું મોત અને ચાર લોકો ઈજાગ્રસ્ત થયા છે. 108 ઈમરજન્સી એમ્બુલૅન્સની મદદથી ઈજાગ્રસ્તોને સારવાર માટે સરકારી હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યારે આ અંગે લુણાવાડા પોલીસે ઘટનાસ્થળે તપાસ હાથ ધરી હતી.

. . . . . . . .

# KUTCH DRUGS

કચ્છમાં સાંધી જેટી વિસ્તારમાં સરહદ સુરક્ષા દળ- BSFના જવાનોએ કેફી પદાર્થનું એક પેકેટ કબજે કર્યું. અમારા પ્રતિનિધિ હેમાંગ પટ્ટણી જણાવે છે , અરબ સાગર કિનારે પેટ્રોલિંગ દરમિયાન કેફી પદાર્થ મળી આવતા BSF-એ આખી દરિયાઈ પટ્ટીમાં તપાસ હાથ ધરી હતી. જોકે , અન્ય કોઈ પેકેટ ન મળતાં એ પેકેટને જરૂરી પંચનામા સહિતની કાર્યવાહી બાદ વાયોર પોલીસમથકને વધુ તપાસ માટે અપાયું છે.

. . . . . . .

# SUDARSHAN SETU DWARKA

દેવભૂમિદ્વારકા જિલ્લામાં ઓખા અને બેટદ્વારકાને જોડતા સુદર્શન સેતુ અંગે સોશિયલ મીડિયા પર એક વીડિયો વાઈરલ થયો હતો , જેમાં આ બ્રિજને નુકસાન થયું હોવાના દાવો કરાયો હતો. જોકે , જિલ્લા વહીવટી તંત્રએ આ વીડિયો બાદ સુદર્શન સેતુનું નિરીક્ષણ કર્યું.

સુદર્શન સેતુ બ્રિજના સિવિલ મૅનેજર વિકાસ ધંધાએ જણાવ્યું , સુદર્શન સેતુ બ્રિજ સંપૂર્ણ રીતે સલામત છે અને તેની પર અવરજવર કરવામાં કોઈ જોખમ નથી. શ્રી ધંધાએ કોઈ પણ પ્રકારની અફવા પર વિશ્વાસ ન કરવા લોકોને અપીલ કરી છે.

. . . . . . . . . . . .

# <u>સમાચારનાં અંતે</u>

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

....................................

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)